Vol. 5, Issue: 3, March: 2017
(IJRSML) ISSN: 2321 - 2853

# સંસ્કૃત શિક્ષણ ને રસપ્રદ બનાવવા દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો વર્ગખંડમાં વિનિયોગ

શ્રીમાળી વિષ્ણુભાઈ વિરમભાઈ
વિ.સહાયક ખીમાણાવાસ પે.કેન્દ્ર શાળા
તા.વાવ જિ. બનાસકાંઠા

## પ્રસ્તાવના

કોઈપણ વિષયના શિક્ષણને **રસપ્રદ,અસરકારક અને જીવંત** બનાવવા માટે દ્રશ્ય શ્રાવ્ય સાધનોનું મહત્વ ઘણું છે. વર્ગખંડ શિક્ષણકાર્યમાં શિક્ષક બોલે અને વિદ્યાર્થી સાંભળે એ પરંપરા જૂની થઇ ગઈ છે. હવેના સમયમાં વર્ગખંડના વાતાવરણને જીવંત બનાવવા માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ કરવો જરુરી જ નહિ પરંતુ અનિવાર્ય બની રહે છે.જેના માધ્યમથી શિક્ષણકાર્ય સરળ બની રહ્યું છે અને બાળકો ઉત્સાહી પણ બન્યા છે. ટેકનોલોજીમાં થઈ રહેલા ઉત્તરોત્તર વિકાસને પરિણામે શિક્ષકે પણ હવે આ સાધનોમાં આવતા પરિવર્તનોથી માહિતગાર થવું પડશે. હવે સંસ્કૃત શિક્ષણ ને રસપ્રદ બનાવવા દ્રશ્ય શ્રાવ્ય સાધનોનો વર્ગખંડમાં વિનિયોગ વિષે સમજીએ.

(૧)શિક્ષણકાર્યમાં દિન પ્રતિદિન જુદા જુદા શૈક્ષણિક સાધનોનો ઉપયોગ થાય છે.જેમ કે ચોક, શ્યામપટ્ટ,ચિત્રો,મોડેલ,નકશા,

(૨) દ્રશ્ય સાધનો કે જેનાથી માત્ર જોઈ શકાય. જેમ કે સ્લાઈડ પ્રોજેક્ટર,ફિલ્મસ્ટ્રીપ,

(૩) દ્રશ્ય શ્રાવ્ય સાધનો જેમાંથી જોઈ અને સાંભળી પણ શકાય એવા ઓડિયો વિઝ્યુઅલ સાધનો સાધનો. જેમ કે ચલચિત્ર,સાધનો. જેવાકે ચલચિત્ર વીડીઓ ટીવી નાટક વગેરે. સંસ્કૃત શિક્ષણને રસપ્રદ બનાવવા માટે શૈક્ષણિક સાધનોનો ઉપયોગ નીચે મુજબ છે.

- ટેલિવિઝન પર દરરોજ પ્રસારિત થતા સંસ્કૃત સમાચારનું શ્રાવણ કરાવવું જોઈએ. આ ઉપરાંત સંસ્કૃતમાં આવતા વિવિધ કાર્યક્રમો દર્શાવવા જોઈએ.
- પંચતંત્ર કે હિતોપદેશની વાર્તાઓ વિદ્યાર્થીઓને દર્શાવવી જોઈએ.
- કોમ્પુટર આધારિત શિક્ષણકાર્ય તૈયાર કરીને સમગ્ર એકમ શીખવવા જોઈએ.
- સંસ્કૃત અભ્યાસક્રમમાં સમાવિસ્ટ પૌરાણિક કથાઓ નાટકો ના વીડીઓ બતાવવા જોઈએ

- બાળકોને પાત્રો બનાવીને યોગ્ય વેશભૂષા કરાવી વર્ગખંડમાં જ ટૂંકા નાટકો ભજવી શકાય જેમકે ધોરણ ૮ સંસ્કૃત સત્ર બીજામાં આવતો પ્રેરણાદીપ ચાણક્ય ગધ્યપાઠના લીધે વિદ્યાર્થીઓને રસ ઉત્પન્ન થશે અને સંસ્કૃત ભાષા અઘરી છે તે ભય દૂર થશે.
- સંસ્કૃત ભાષાનું વ્યાકરણ અઘરુ છે તેવો ડર દૂર કરવા માટે કમ્પ્યૂટર આધારિત વ્યાકરણ શિક્ષણના તાસનું આયોજન કરવું જોઈએ.
- સરળ સંકૃત સંવાદો વર્ગખંડમાં બોલવા જોઈએ.
- શિક્ષકે વર્ગખંડમાં સરળ સંસ્કૃત વાક્યો બોલવા જોઈએ વર્ગખંડની દિવાલો ઉપર સરળ સંસ્કૃત વાક્યો લખવા જોઈએ વ્યાકરણના નિયમોના ચાર્ટ્સ બનાવીને લટકાવવા જોઈએ જેનું વિદ્યાર્થીઓ પાસે નિયમિત વાચન કરાવવું જોઈએ.

આમ, સંસ્કૃત ભાષાના વર્ગખંડને સુશોભિત કરવો જોઈએ કે જેથી કરીને વિદ્યાર્થીઓને હરતાં-ફરતાં કંઈક શીખવા મળે.

## સંદર્ભ સૂચિ

(૧) રાવલ, નટુભાઈ પી. સંસ્કૃતનું અભિનવ અધ્યાપન, નીરવ પ્રકાશન.